ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*બસો સાત ફૂટ ઉંચે તિરંગો ફરકાવો!*
*કે રોજ ધ્વજવંદનથી ઝંડો લહેરાવો!*
*છો છલકાવો હોજ હવે બૂંદથી બગડ્યો -*
*હવે ગળથૂથીમાં જ રાષ્ટ્રભક્તિ ભભરાવો!*
*(દેશપ્રેમમાં દંભ ન ચાલે!)*

*દોરી સંચારે,*
*ઉઠ-બેસે ‘સ્ટે’ પણ -*
*ને નાચે ન્યાય...*
*(કઠપૂતળાં)*

*ખર્ચાય માત્ર!*
*પક્ષના જ લાભાર્થે -*
*તે ‘સ્વ’ ભંડોળ...*
*(ગ્રાંટનો દુરુપયોગ)*

### ચિંતન

**કબીર ગર્વ ન કીજીયે, ઈસ જોબન કી આસ ।**
**ટેસુ ફૂલા દિવસ દસ, ખંખર ભયા પલાસ ॥**

રૂપ યૌવન, ધન-સંપત્તિ, સત્તા-જાતિનું અભિમાન માણસને ‘માણસાઈ’ ભૂલાવી દે છે. યૌવનના મદમાં યુવાન પોતાની સાંસારિક ફરજો પ્રત્યે આંખ મિંચામણા કરે છે : ધર્મ પ્રત્યે બેફવાઈ બતાવે છે. ઈશ્વરમાં શ્રદ્ધા-વિશ્વાસથી ચલિત થઈ જાય છે. પરંતુ આ યૌવન અને ધન કાયમ માટે રહેવાનું નથી. ચાર દિવસની ચાંદની જેવી યુવાની થોડાં જ વરસોમાં વિલાઈ જાય છે.

જીવન-યૌવનને કબીરજી પલાસ કેસૂડાનાં છોડ સાથે સરખાવે છે. પલાસના છોડ ને માત્ર ફાગણ માસમાં આવે છે અને મોરી ઉઠે છે માત્ર પંદર-વીસ દિવસ જ એનું સૌંદર્ય ઝળકી ઉઠે છે પછી - પાછો ઠૂંઠાં જેવો બારમાસ ઊભો રહે છે.

આપણા જીવનમાં આવતી યૌવનની ક્ષણો પણ આવી છે - કયારે ખાખરાની જેમ યૌવન ખરી પડે એ કહેવાય નહીં...

### સુવિચાર

- હૃદય આપણો અડધો પયગંબર છે રાહબર છે - **અખંડ આનંદ**
- જો તમે બહાનાબાજી કરવામાં માહેર છો,
  તો દેખીતી રીતે જ તમે તમારા જ દુશ્મન છો - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વરે તેના સંતાનો ના હૃદયમાં મહેચ્છાઓ એટલા માટે જ ભરી છે કે તે સાકાર થાય - **પરિત્રાણ**
- જયાં સુધી લજ્જા, તિરસ્કાર અને ભય હોય ત્યાં સુધી ઈશ્વર દર્શન થતાં નથી - **રામકૃષ્ણ પરમહંસ**
- તમારે પશ્ચિમ છોડવું હોય તો પૂર્વ તરફ ચાલવા માંડો,
  પશ્ચિમ આપોઆપ છૂટી જશે - **ચિત્રલેખા**
- મોટાભાગના ની દિશા ઘંટી જેવી હોય છે, તે પીસે છે બીજાઓને અને ચીસો પોડે પાડે છે- **રોહિત શુક્લ**
- આજનું ઔષધ : કાનમાં કોઈ જીવજંતુ ગયુ હોય તો સરસિયાના તેલનાં ટીપાં નાખવાથી તે મરી જાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

સારા અને સાચા સંસ્કાર હોય ત્યાં ત્યાગ અને સમર્પણ હોય છે. એટલે જ ન્યાય અને નિષ્ઠા પ્રચૂર-જીવન-ન્યાયી માણસ કોઈનું રાખે નહીં ને ત્યાગી માણસ કોઈની પાસે કંઈ માગે નહીં. બીજાની દષ્ટિથી જોનાર વ્યક્તિ જ સાચું તાટસ્થ્ય કેળવી શકે.

પિતાના મૃત્યુ પછી બે ભાઈઓ વચ્ચે સંપત્તિની બાબતમાં વિખવાદ થયો. તેમનાં નજીકનાં સગાવ્હાલાં એ મધ્યસ્થી તે બદલે વિવાદનાં વિષ ભેળવ્યા - ત્યાં એક બૂઝર્ગે આવી બંને ભાઈને સલાહ આપી. ગામના રામમંદિરના સંત તટસ્થ અને ન્યાયી ભક્ત છે. એમની સલાહ લ્યો...

બંને ભાઈ સંમત થયા. સંત પાસે ગયા. સંત કહે હું જે ઉકેલ આપું તે બંનેનો સ્વીકાર્ય છે? ભાઈઓ એ ‘હા’ પાડી... માલ મિલ્કતની યાદી રજૂ થઈ. સંતે મોટાને કહ્યું, પહેલાં તને યોગ્ય-ન્યાયી લાગે તે રીતે મિલ્કતના બે સરખા ભાગ કર. પણ પછી તેમાંથી કયો ભાગ પ્રથમ લેવો એ નાનાભાઈનો નિર્ણય થશે. બંને ખૂશ થયા. મોટા ભાઈએ તટસ્થ રહી બે ભાગ કર્યા અને નાનાએ પોતાનો ભાગ લઈ લીધો...

બંને ભાઈ ભેટ્યા અને સુખરુપ સમાધાન થયું.

# અનામતની રાષ્ટ્રીય નીતિ માટે સર્વાશ્લેષી અભિગમ જરૂરી

## તંત્રીસ્થાનેથી...

અનામત આંદોલનોનાં વિધવિધ સ્વરુપો પૈકીનું છેલ્લું જાટ સમુદાયનું આંદોલન ખૂબ જ હિંસક બનો એવી સંભાવના જોતાં હરિયાણાની ભાજપ સરકારે તત્કાળ નમતું જોખવું પડ્યું છે. જો કે ફક્ત માગણી સ્વીકારી લેવાનું મૌખિક વચન આપી દેવાથી પ્રશ્ન પતી જાય એ વાતમાં માલ નથી. જાટ સમુદાય ઉત્તર ભારતમાં જમીનધાલક વર્ચસ્વવાળી જ્ઞાતિ છે. એને ‘માર્શલ રેસ’ - લડાયક કોમ તરીકે ઓળખ સાંપડી છે. જાટ હંમેશાં જાડી બુદ્ધિનો જ હોય - એ કાં તો પોલીસખાતામાં ચાલે કે પછી લશ્કરમાં - એવી રૂઢ માન્યતાનો છેદ ઉડાડતાં અનેક ઉદાહરણ મળી શકે, પરંતુ ગુજરાતના પૂર્વ રાજયપાલ ડૉ. સરુપસિંહ જેવા નીવડેલા વિદ્વાન અથળા ચરણસિંહ જેવા અઠંગ રાજકારણી ઉપરાંત પ્રગલ્ભ અર્થશાસ્ત્રી આ જ સમુદાયે આપ્યા છે. શીખોમાં પણ જાટ જાતિના શીખો વધુ વર્ચસ્વવાળા ગણાય છે. જાટપણું પરાકાષ્ઠાએ પહોંચેલું દેવીલાલમાં જોવા મળે છે. દેવીલાલ જીવતા હોત તો એમને જાટ કોમ માટે અનામતની માગણીનું સમર્થન ભાગ્યે જ કર્યુંહોત. જાટ ખેડૂત છે અને ખેડૂત તો આખા જગતનો તાત ગણાયો છે. ગુજરાતમાં જેમ ‘ચૌધરી’ સમાજ છે એમ જાટ સમાજ પોતાને ‘ચૌધરી’ તરીકે ઓળખાવી ગૌરવ અનુભવતો હોય છે. બદલાયેલાં સામાજિક અને રાજકીય સમીકરણોમાં અનામત માટે પોતાની જ્ઞાતિને પછાતવર્ગોની યાદીમાં મુકાવવાની જાણે કે હોડ જામી છે. રાજસ્થાનમાં ગૂર્જરોએ અનામત આંદોલન ઘણું લાંબું ચલાવ્યું અને તેમ છતાં એમના નેતા કર્નલ કિરોડીમલ બૈંસલા થાક્યા નથી. એમણે ચલાવેલા આંદોલનમાં ટ્રેનો થંભી ગઈ હતી. રેલવેના પાટા ઉખાડી નંખાયા હતા. એમના રાજયમાં આજે જેનું શાસન ચાલી રહ્યું છે તે વસુંધરા રાજે પિયર પક્ષે મરાઠા છે અને શ્વસુર પક્ષે જાટ છે. હરિયાણામાં તો વર્ષોથી જાટ સમુદાયના નેતાઓનું એકચક્રી રાજ ચાલતું રહ્યું છે. બંસીલાલ અને દેવીલાલ - બેઉ જાટ નેતા હતા. ભજનલાલ બિશ્નોઈ હોવા છતાં બહારના લોકો એમને જાટ જ સમજતા રહ્યા છે. વારાફરતી બેઉ ‘લાલ’ રાજ કરતા રહ્યાં પરંતુ એમને કયારેક આજે ચાલી રહ્યું છે એવા આંદોલનનો આશ્રય લેવાની જરુર નહોતી પડી. વિશ્વનાથ પ્રતાપસિંહ અલબત્ત ‘મંડલ પંચ’ના સમર્થક તરીકે જ ઊપસી આવ્યા હતા. દેવીલાલે એમના નાયબ વડાપ્રધાન તરીતે જવાબદારી સ્વીકારી હતી અને આજે હરિયાણામાં જે જાટ - અનામત આંદોલન ચાલી રહ્યું છે એના મૂળમાં સર્વોચ્ચ અદાલતે અને અનામત વ્યવસ્થા નક્કી કરનાર ટ્રિબ્યુનલે રાષ્ટ્રીય સ્તરે જાય સમુદાટનો ‘ઓબીસીમાં’ સમાવેશ કરવા બાબત કરેલો વિરોધ પાયામાં રહેલો છે. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર રહ્યા છે તેથી હિંદુત્સવવાદી છે, પરંતુ અનામતપ્રથાના પચ્છન્ન વિરોધી ગણાય છે. ગુજરાતમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલનને જાટ સમુદાયનું સમર્થન સાંપડેલું છે. પાટીદાર અનામત આંદોલનના નાયક હાર્દિક પટેલને જાટ તથા ગુર્જર - બેઉ પરસ્પર વિરોધીસમુદાયોનું સમર્થન મળ્યું તે પણ એક આશ્ચર્યકારક ઘટના જ ગણાય. હવે જાટ સમુદાયે ખટ્ટર સરકારને ઘૂંટણિયે પાડી દીધી છે. જાટ આંદોલન જંગલની આગની જેમ હરિયાણાનાં ખૂણે ખૂણે પ્રસરી ગયું છે અને એની ગંભીરતા જોતાં રાજય સરકારે કેન્દ્રી લશ્કરી-અર્ધ લશ્કરી ટુકડીઓ ઉતારવી પડી. એથી ઘણાં આંદોલનકારો ઘાયલ પણ થયા, કેટલાકના ગોળીબારને લીધે મોત પણ નીપજ્યું. આમ, અનામલ આંદોલન રાજય સરકાર માટે જ નહીં, બલ્કે સમગ્ર દેશ માટે એક ચિંતાનો વિષય બની રહેલ છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોમાં સામેલ થવા માટે ગુજરાતની અનેક જાતિઓની જેમ અન્ય રાજયોની અનેક જ્ઞાતિઓએ ઘૂઘરા બાંધ્યા છે, તે જોતાં આગામી દિવસો દરમિયાન આવાં આંદોલનો કેન્દ્ર સામે જ નહીં બલ્કે ન્યાયપાલિકા સામે પણ મોરચો માંડી શકે. આ પરિસ્થિતિના થાગડથીગડ ઉકેલ કરતાં અનામત નીતિ વિશે ગંભીર રાષ્ટ્રીય ચર્ચા થવી જરુરી છે, જેથી દેશને છાશવારે થતાં હિંસક આંદોલનથી બચાવી શકાય.

# સેકડાબારના નામે જમીન માપણીમાં સર્વેયરો દ્વારા કૌભાંડ




જમીનની કિંમતમાં ઉછાળો આવતા જમીનને લગતા વિવાદોમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે. જમીનના કાયદામાં સરળતા લાવવા વારંવાર મહેસુલ વિભાગ દ્વારા પરિપત્રો બહાર પાડી નવા નીતિ નિયમો બહાર પાડવામાં આવે છે. ગુજરાતની તમામ જમીનનું માપ વર્ણન ૭-૧૨ ના ઉત્તારામાં ખેડૂતને મળી રહે તે માટે ગુજરાતની તમામ જમીનનું રી સર્વે કરી સર્વેયર દ્વારા માપણી કરવામાં આવેલ. ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ કચેરી દ્વારા આ સર્વે હાથ ઘરવામાં આવેલ અને જુના નકશા તથા માપણી શીટના આધારે સ્થળ ઉપર ૭-૧૨ ના માપ વર્ણનવાળી જમીનનું રી સર્વે હાથ ધરી માપણી કરવામાં આવેલ અને જમીનની ટીપ્પણીમાં રહી ગયેલ ક્ષતિઓ દૂર કરવા માટે સેંકડાબાર દ્વારા ૭-૧૨ માં જમીનનું ક્ષેત્રફળ આછું હોય અને સ્થળ ઉપર ખેડૂતનો કબજો હોય તો તેવા કિસ્સામાં સેંકડાબારના નામે કેસ તૈયા કરી આજુબાજુના જમીન ધારકોની જમીન ઓછી ના થાય તે રીતે સેકડાબાર એટલે કે પુનઃ જમીનનો રી સર્વે કરીને સ્થળ ઉપર જો ખરેખર જેટલી જમીન હોય તેટલી જમીન ૭-૧૨ માં દર્શાવી નવી માપણીશીટ જમીન ધારકના નામે કાઢી આપવામાં આવતી હતી.

આ રીતે મોટા પ્રમાણમાં આસપાસના જમીન ધારકના ક્ષેત્રફળો ઓછા કરી મળતીયાને જમીન વધારે આપી સેકડાબારના નામે જમીન સર્વેયર દ્વારા મીલીભગતથી લાગતા વળગતા ખેડૂતોને ફાયદો કરી તેમજ સર્વેયરોના ખીસ્સા ભરવાનો કારસો યોજેલ જમીન ધારકોની જમીન ઓછી કરી ચોક્કસ મળતીયા જમીન ધારકોને ફાયદો કરાવતો હોવાની ઘણી ફરીયાદો ધ્યાનમાં આવતા આવા કેટલાય સેકડાબારના હુકમો સીટી સર્વેયર દ્વારા તેમજ જમીન સુધારણા મામલતદાર દ્વાર રદ કરવામાં આવ્યા છે પરંતુ આવી ખોટી માપણી કરનાર સર્વેયરો સામે કોઈ જ કાયદેસરના પગલા ભરવામાં આવ્યા નથી જેનો ભોગ ગરીબ ખેડૂતો બનેલા છે અને ચોરસ મીટર દીઠ હજારો રૂપીયાની કિંમતની જમીન પડાવી લેવાનું આખું કૌભાંડ આચરનાર સર્વેયરોને ઘી કેળા છે અને ભોળા ખેડૂતોને સેકડાબારના નામે છેતરવાનો આખો ખેલ આ ડિએલઆર કચેરીના સર્વેયરો મૂળ ક્ષેત્રફળમાં પાંચ ટકાની વધઘટ કરી શકે છે જે નિયમનો સીફતાથી લાભ લઈ મોટા ક્ષેત્રફળ ધરાવતા ખેડૂતોએ કરેલા અન્ય સરકારી જેની પહોંચ ના હોય તેવા ગરીબ સેઢા પાડોસી ખેડૂતની જમીનમાં દબાણ કરી આવી જમીન પોતાના નામે કરવાનો મોટા પ્રમાણમાં કૌભાંડ આચરી લાગતા વળગતા ખેડૂતોને ફાયદો કરી આપેલ છે.

અમદાવાદની આજુબાજુની જમીનોના ભાવ ચોરસ મીટરે ૨૫ થી ૩૦ હજાર જેટલો થવા થાય છે જો ૧૦ થી ૨૦ ચોરસ મીટર જેટલો પણ ફેરફાર મૂળ ક્ષેત્રફળમાં કરવામાં આવે તો જેની જમીન કપાત થાય તે ખેડૂતોને લાખો રૂપીયાનું નુકશાન થાય અને જેમના નામે જમીનું ક્ષેત્રફળમાં વધારો થાય તેને લાખો રૂપીયાની જમીન મફતમાં મળી જાય આ કામ માટે સર્વેયરો જે તે લાભાર્થી પાસેથી વ્યાપક પ્રમાણમાં યેનકેન પ્રકારે લાભ મેળવી પાંચ ટકાના વધારાના નિયમો ગેરફાયદો ઉઠાવેલ છે. કેટલાક કિસ્સામાં ૧૦ થી ૨૦ ગુઠાનો વધારો કરી આપવામા આવતા ડિએલઆરને જમીન ધારકોએ ફરીયાદ કરતા તેમજ કલેકટરશ્રી સમક્ષ આ બાબત પડકારતા ડીએલઆર કચેરી દ્વારા કરવામાં આવતી માપણીને પ્રાંત અધિકારીશ્રીના હુકમને કલેકટરશ્રીએ રદ કરતા સેકડાબારના નામે જમીન વધારવાના કૌભાંડની હક્કિત સામે આવેલ છે.

જે પણ ખેડૂતની જમીન મૂળ ક્ષેત્રફળ કરતા સીટી સર્વેની ડીએલઆરની માપણી સીટમાં ઓછી જમીન આકારાય તો ડીએલઆરના હુકમ સામે જીલ્લા કલેકટરને અપીલ કરી જમીન મૂળ માપણી પ્રમાણે રી સર્વે કરી ક્ષેત્રફળમાં થયેલ ક્ષતિઓ સુધારી આપવામાં આવે છે. કાયદો જાગતાને મદદ કરે તે ન્યાયે પોતાની જમીનમાં કેટલી કપાત આવેલ છે તેના નકશા મેળવી જો ખોટું થયું હોય તો રેવન્યુ ઓથોરીટી સામે અપી ગુજારી ખેડૂતો ન્યાય મેળવી શકે છે. જાગૃત ખેડૂતોના કારણે આખુ પ્રકરણ બહાર આવતા કેટલાય ભોળા ખેડૂતોની કિંમતી જમીન બચી જવા પામી છે.

# તમિળનાડુમાં દ્રવિડ પક્ષો સાથે જોડાણનાં કજોડાં




દક્ષિણ ભારતના મહત્ત્વના રાજ્ય તમિળનાડુની આગામી વિધાનસભાની ચૂંટણી માટે ત્રણ વર્ષનાં રુસણાં બાદ દ્રવિડ પક્ષ દ્રમુક અને કોંગ્રસે પુનઃ ઘર માંડ્યું છે.આગામી એપ્રિલ-મે ૨૦૧૬માં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ભારતની નરેન્દ્ર મોદીના વડપણવાળી સંયુક્ત લોકતાંત્રિક મોરચા (એનડીએ) સરકાર માટે ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. ભાજપને આસામમાં સત્તા પ્રાપ્ત કરવાની આશા છે અને બાકીનાં રાજ્યો પશ્ચિમ બંગાળ, તમિળ નાડુ, કેરળ અને પુડુચેરીમાં પોતાની સ્થિતિ સુધારવાની શ્રદ્ધા છે. મિત્રપક્ષોના ટેકાથી કેરળ અને પશ્ચિમ બંગાળમાં સત્તાનો સ્વાદ ચાખવાની ઘોષણાઓ ભાજપ અને સંઘ પરિવારના અગ્રણીઓ અત્યારથી કરવા માંડ્યા છે. જોકે તમિળનાડુ જેવા મહત્ત્વના રાજ્યમાં દ્રવિડ પક્ષો અન્નાદ્રમુક અને દ્રમુક વારાફરતાં સત્તામાં આવતા રહ્યા હોવાથી આ વખતે વિધાનસભાની ચૂંટણીનાં એવાં જ પરિણામ લાવશે કે પછી કોઈ ચમત્કાર સર્જીને ભાજપ અને મિત્રપક્ષોને સત્તાનો સ્વાદ ચાખવા પ્રેરશે એ મહાપ્રશ્ન છે.

ચૂંટણી એપ્રિલ-મે ૨૦૧૬માં યોજાવાની છે. પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી પછી ગુજરાત, પંજાબ અને ઉત્તર પ્રદેશ જેવાં મહત્ત્વનાં રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટી તથા નરેન્દ્ર મોદી - અમિત શાહની જોડીની અગ્નિપરીક્ષારૂપ વિધાનસભાની ચૂંટણી આવવાની છે. લોકસભામાં તો ભારતીય જનતા પક્ષની અભૂતપૂર્વ બહુમતી હોવા છતાં રાજ્યસભામાં એનડીએને બદલે કોંગ્રેસ અને મિત્રપક્ષોનું ધાર્યું થાય એવી સ્થિતિ હોવાનું ચિત્ર વડાપ્રધાન મોદી અને પક્ષપ્રમુખ શાહ કોઈપણે ભોગે બદલવા માટે પ્રતિબદ્ધ અને કટિબદ્ધ છે. તમિળનાડુની ચૂંટણીમાં ભાજપ એકલેહાથે ઝાઝું જોર મારવાની સ્થિતિમાં નથી, પણ અત્યારના એનડીએના ઘટકપક્ષો સાથે અન્નાદ્રમુકનાં સુપ્રીમો અને વર્તમાન મુખ્યમંત્રી જયલલિતા જયરામ ભાજપના વડપણવાળા મોરચામાં જોડાય તો કાંઈક સ્થિતિ સુધરે.

**કોઈપણ પક્ષ કોઈપણ મોરચા સાથે ઘર માંડી શકે, પણ દ્રમુક અને અન્નાદ્રમુક તો સામસામે રહેવાના એટલું તો નક્કી**

**મુખ્યમંત્રી તરીકે જેલવાસ ભોગવવાનો વખત આવ્યો ત્યારે જયલલિતાએ પોતાના વિશ્વાસુ ‘હનુમાન’ ઓ. પનીરસેલ્વમને ગાદી ભળાવીને ૨૧ દિવસ જેલમાં રહેવાનું કબૂલવું પડ્યું હતું : ૨૩ ફેબ્રુઆરી પછી વડા પ્રધાન મોદી એમની સાથેના જોડાણનો નિર્ણય કરશે**

**અટલબિહારી સરકારને ટેકો આપવા અને ગબડાવવામાં સુબ્રમણિયન સ્વામીએ જયાઅમ્માને પ્રેર્યા હતાં. એ જ સ્વામી એમને સોનિયા ગાંધી કને લઈ ગયા હતા. હવે સ્વામી અને જયા સામસામે છે**

**જે પાણીએ મગ ચડે એનો ઉપયોગ કરવામાં જરાય સંકોચ નહીં કરવાના પક્ષધર નરેન્દ્ર મોદી લોકસભાની મે ૨૦૧૪ની ચૂંટણીમાં દેશભરમાં ભલે છવાયેલા રહ્યા, તમિળનાડુમાં તો જયાઅમ્માનું જ ચલણ હતું**

અબજોની સંપત્તિના ખટલાઓમાં સંડોવાયેલાં મુખ્યમંત્રી જયલલિતા ભાજપની નેતાગીરી સાથે નિકટના સંબંધ ધરાવતાં હોવા છતાં સુપ્રીમ કોર્ટમાં આગામી ૨૩ ફેબ્રુઆરીએ તેમની સામેના ખટલામાં તેઓ છૂટી જાય છે કે કેમ એના પર વડા પ્રધાન મોદી એમની સાથેના જોડાણનો નિર્ણય કરશે. તમિળનાડુની બહાર એટલે કે કર્ણાટક રાજ્યની રાજધાની બેંગલુરુમાં જયલલિતા વિરુદ્ધનો સંપત્તિ ખટલો વડી અદાલતે ચાલ્યો અને એમાં એમને રાહત મળી, પણ મામલો હવે સુપ્રીમ કોર્ટે ગયો છે. મુખ્યમંત્રી તરીકે જેલવાસ ભોગવવાનો વખત આવ્યો ત્યારે તેમણે પોતાના વિશ્વાસુ ‘હનુમાન’ ઓ. પનીરસેલ્વમને ગાદી ભળાવીને ૨૧ દિવસ જેલમાં રહેવાનું કબૂલવું પડ્યુંહતું. મે ૨૦૧૫માં કર્ણાટકની વડી અદાલતે જયલલિતાને સંબંધિત ખટલામાં છોડી મૂક્યાં એટલે ૨૩ મે ૨૦૧૫ના રોજ ફરીને મુખ્યમંત્રી તરીકે આરૂઢ થયાં હતાં. જોકે પનીરસેલ્વમ એમની ખુરશી ભગવાન રામની પાદૂકા લઈને ભરત રાજ્ય કરતો હતો એ રીતે સાચવતા રહ્યા હતા. અગાઉ પણ પનીરસેલ્વમ આ જ રીતે અમ્માની ગાદી સાચવી ચુક્યા છે.

કેન્દ્રમાં ડૉ.મનમોહન સિંહની સંયુક્ત પ્રગતિશીલ સંગઠન (યુપીએ)ની સરકારમાં ડૉ.એમ.કરુણાનિધિની દ્રમુક સાથી પક્ષ હતી, પરંતુ ૨-જી મહાકૌભાંડ સહિતનાં બદનામી બક્ષે એવાં કરતૂતોને પગલે દ્રમુકના પ્રધાન એ. રાજા અને કરુણાનિધિનાં ત્રીજાં પત્ની રાજથીઆમલનાં સાંસદપુત્રી કળિમોળીએ જેલવાસ ભોગવવો પડ્યો હતો. ૨૦૧૧ની વિધાનસભા ચૂંટણીમાં દ્રમુકનો એવો કારમો પરાજ્ય થયો કે તેના અસ્તિત્વનાં ૫૨ (બાવન) વર્ષમાં પહેલીવાર દ્રમુક વિધાનસભામાં બીજાને બદલે ત્રીજા ક્રમે ધકેલાઈ હતી. ૨૩૫ સભ્યોની વિધાનસભામાં ૨૩૪ સભ્યોની ચૂંટણી થાય છે અને એક બેઠક એંગ્લો-ઈન્ડિયનની નિયુક્તિથી ભરવામાં આવે છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં અન્નાદ્રમુકને ૧૫૦ બેઠકો મળવાને કારણે ૧૬ મે ૨૦૧૧ના રોજ એનાં સુપ્રીમો જયલલિતા મુખ્યમંત્રી બન્યાં હતાં. બીજા ક્રમે તમિળ અભિનેતા વિજયકાંતે ૨૦૦૫માં રચેલા પક્ષ ડીએમડીકે હતો. એને ૨૯ બેઠકો મળતાં વિજયકાંત વિપક્ષના નેતા બન્યા હતા. દ્રમુકને માત્ર ૨૩ બેઠકો મળી હતી. કોંગ્રેસને માંડ પાંચ બેઠકો. ક્યારેક સી. રાજગોપાલાચારી અને કે. કામરાજ જેવા કોંગ્રેસી નેતા મદ્રાસ (હવેના ચેન્નાઈ)માં મુખ્યમંત્રીની ગાદીએ બેસતા હતા, પરંતુ સમયાંતરે દ્રવિડ ચળવળને પગલે દ્રવિડ પક્ષોનું ચલણ વધ્યું અને ફિલ્મો સાથે સંકળાયેલાં વ્યક્તિત્વો રાજકારણમાં છવાતાં જતાં હોવાથી કોંગ્રેસ પ્રભાવ ગુમાવતી ચાલી. જોકે કેન્દ્રમાં જે પક્ષ સત્તામાં હોય એની સાથે જોડાણ કરવામાં દ્રમુક અને અન્નાદ્રમુક વચ્ચે સ્પર્ધા અને ચડસાચડસી કાયમ ચાલતી રહી છે. બંને પક્ષો કોંગ્રેસ અને ભાજપના વડપણવાળા કેન્દ્રના સત્તામોરચામાં વારાફરતાં સામેલ થતા રહ્યા છે. ક્યારેક ઈંદિરા ગાંધીના વડાપ્રધાનપદ દરમિયાન ૧૯૭૫-૭૭ની ઈમર્જન્સી સામે કરુણાનિધિનો દ્રમુક પક્ષ જંગે ચડેલો હતો, પણ કેન્દ્રમાં કોંગ્રેસના સત્તાકાળમાં એ સૌથી વધુ સમય એનો ભાગીદાર પણ રહ્યો છે.

તમિળનાડુમાં ભાજપ નેતા ડૉ. સુબ્રમણિયન સ્વામીની ભૂમિકા પણ ક્યારેક જયલલિતા અમ્મા સાથે મૈત્રીની અને ક્યારેક દુશ્મનીની રહી છે. અટલબિહારી સરકારને ટેકો આપવા અને ગબડાવવામાં સુબ્રમણિયન સ્વામીએ જયા અમ્માને પ્રેર્યા હતાં. એ જ સ્વામી એમને સોનિયા ગાંધી કને લઈ ગયા હતા. હવે સ્વામી અને જયા સામસામે છે. આજે સંપત્તિ કેસમાં સ્વામી ફરિયાદી છે.

કરુણાનિધિ વાળંદ સમાજમાંથી આવે છે અને ફિલ્મલેખક તરીકેની એમની પ્રતિષ્ઠા મોટી છે. એમના પરિવારનો દ્રમુક પર કબજો છે. એમની ત્રણ પત્નીઓનાં સંતાનોનો પક્ષમાં દબદબો અને આપસી ખેંચતાણ પણ રહી છે. તેમનાં બહેનના દીકરા સ્વ. મુરસોલી મારન અને તેમના દીકરા દયાનિધિ મારન કેન્દ્રમાં પ્રધાન રહ્યા છે. બીજા ભાણેજ-પુત્ર કલાનિધિ મારન ઔદ્યોગિક સામ્રાજ્ય સંભાળે છે. અબજોની સંપત્તિ ધરાવતા કરુણાનિધિ પરિવારમાં એમનાં પ્રથમ પત્ની પદ્માવતીના પુત્ર મુથુ અભિનેતા તરીકે નિષ્ફળ ગયા, પણ બાકીની બંને પત્નીઓનાં સંતાનો રાજકારણ અને ધંધામાં ખાસ્સો પ્રભાવ ધરાવે છે.દ્વિતીય પત્ની દયાલુઅમ્મલનાં ચાર સંતાનોમાં બે દીકરા રાજકારણમાં એકમેકના દુશ્મન છે. દીકરી સેલ્વી અને સૌથી નાનો દીકરો તમિલારસન ઉદ્યોગ-ધંધા ચલાવે છે. દયાલુઅમ્માનો મોટો દીકરો અઝાગીરી કેન્દ્રમાં મનમોહન સરકારમાં મંત્રી હતો અને એમના પછીના ક્રમે આવતો ૬૭ વર્ષીય દીકરો એમ. કે. સ્ટાલિન મુખ્યમંત્રી

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આજના યુગમાં વિવિધ ભાષાઓનાં સુંદર અને સર્વોત્તમ સર્જનો આપણા વિદ્યાર્થીઓ, બાળકો માણતા થાય એ માટે આપણે પણ તેમની આ યાત્રામાં જોડાઈ જઈએ અને તેમની સાથે-સાથે વૈવિધ્યસભર ઉત્કૃષ્ટ રચનાઓને જુદી-જુદી ભાષાઓમાં માણતા શીખીએ




*Do you ever feel ?*
*Already buried deep*
*Six feet under screams.*
*But no one seems to hear a thing*
*Do you know that there’s*
*still a chance for you*
*Cause there’s a spark in you*
*You don’t have to feel*
*Like a wasted spece.*
*You’re original Can’t be replaced*
*If you only knew*
*what the future holds*
*After a hurricane comes a rain-bow*
*maybe the reasons way*
*all the doors are closed so*
*you could open one that*
*leads you to the perfect road*
***- Katy Perry (Firework)***

ભાષા એ અભિવ્યક્તિનું સર્વોચ્ચ માધ્યમ છે. આજકાલ મોટાભાગના લોકો બાળકોને અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવાનું પસંદ કરે છે. આ બાબત કેટલી યોગ્ય અને કેટલી અયોગ્ય છે એ વિશે ચર્ચા કરવાને બદલે હવે આ બાબતને સમયની માંગ ગણીને આગળ વાત કરીએ તો અંગ્રેજી ભાષાના કેટલાક ગીતો આપણને આપણી ‘માતૃભાષા’ ગુજરાતીની કવિતાઓ જેવા જ લાગે છે. ભાષા ભલે ગમે તે હોય પરંતુ, માણસના ભાવની અભિવ્યક્તિ મોટભાગે એકસમાન રહે છે. કેટી પેરીનું ઉપરોક્ત ગીત આપણને આપણા પાઠયપુસ્તકના અભ્યાસક્રમમાં આવતું અમૃત ઘાયલનું ગીત

‘રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના?’
અથવા, પ્રાર્થના
‘તું તારા દિલનો દીવો થા ને,
ઓ રે ઓ રે ઓ ભાયા...’
એની યાદ અપાવી દે છે.

આપણા ઘરોમાં આપણે ગુજરાતી ભાષામાં વાતચીત કરતા હોઈએ અને બાળકો શાળામાં અંગ્રેજી માધ્યમમાં ભણે ત્યારે બાળક બંને ભાષાઓ એકસાથે ગ્રહણ કરતા થઈ જાય છે. બાળકોને ગુજરાતી કવિતાઓ પરાણે શીખવવાને બદલે એમના પાઠ્યપુસ્તકમાં આવતી વાર્તાઓ અને કવિતાઓ તેમની પાસેથી સમજવા, શીખવા કે Share કરવાની જો શરુઆત કરવામાં આવે તો આપણે તેમને શીખવી શકીશું કે આના જેવી જ વાત ગુજરાતી ભાષાસાહિત્યમાં આ રીતે અભિવ્યક્ત કરવામાં આવે છે. આ રીતે આપણે ‘જનરેશન ગેપ’ ને પણ ઘટાડી શકીશું અને સાહિત્યની સુંદર-સુંદર રચનાઓનું આદાનપ્રદાન પણ ખૂબ સહજ અને સરળ રીતે કરતાં શીખી જઈશું. જેમ વિવિધ ધર્મગ્રંથોનો સાર મુખ્યત્વે એકસમાન જ હોય છે. તે પ્રમાણે વિવિધ ભાષાઓમાં રચાયેલું સાહિત્ય મનુષ્યના મનમાં ઉદ્‌ભવતા ભાવોનો પ્રતિસાદ જ હોય છે. જરુર માત્ર દષ્ટિકોણને વિશાળ બનાવવાની તેમજ ઉલટભેર અન્ય ભાષાની સાહિત્યિક રચનાઓને માણવા માટે તત્પર રહેવાની જ છે.

આપણે આપણી આસપાસ એવી ઘણી વ્યક્તિઓને જાણીએ છીએ કે જેઓ શાળાજીવન દરમિયાન અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હોવા છતાં ગુજરાતી ભાષા પ્રત્યેનો તેમનો સંબંધ અતૂટ હોય છે. ગુજરાતી ભાષાસાહિત્યના ઉત્તમોત્તમ સર્જકો તેમણે માણ્યા હોય છે. અને તે જ પ્રમાણે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ અન્ય ભાષાસાહિત્યને પણ માણતા જ હોય છે. આ તમામ ભાષાઓ સેંકડો વરસથી ખેડાતી આવી છે. જેના પરિણામ સ્વરુપે સેંકડો વરસનું ઉત્તમ સાહિત્ય વિવિધ ભાષાઓમાં રચાયું છે.

તો આવો, ગ્લોબલાઈઝેશનના આજના યુગમાં વિવિધ ભાષાઓનાં સુંદર અને સર્વોત્તમ સર્જનો આપણા વિદ્યાર્થીઓ, બાળકો માણતા થાય એ માટે આપણે પણ તેમની આ યાત્રામાં જોડાઈ જઈએ અને તેમની સાથે-સાથે વૈવિધ્યસભર ઉત્કૃષ્ટ રચનાઓને જુદી-જુદી ભાષાઓમાં માણતા શીખીએ.

- nehalgadhavi101@gmail.com